કમ્પ્યુટર કૌશલ્ય સંબંધિત CCC/CCC+ ના પરીક્ષા કેન્દ્ર તરીકે ગુજરાત પોલીસ અકાદમી,કરાઇ, અમદાવાદને તથા કમ્પ્યુટર કૌશલ્ય CCC/CCC+ ના તાલીમ કેંદ્ર તરીકે પોલીસ તાલીમ શાળા, વડોદરાને માન્યતા આપવા બાબત.

ગુજરાત સરકાર
સામાન્ય વહીવટ વિભાગ
ઠરાવ ક્રમાંકઃ પરચ-૧૦૨૦૦૫-૧૫૩૨-ક,
સચિવાલય, ગાંધીનગર.
તારીખ:૩૧/૦૭/૨૦૧૪

www.rijadeja.com

વંચાણે લીધા:-

(૧)સા.વ.વિ.નો તા. ૩૦/૯/૨૦૦૬ નો ઠરાવ ક્રમાંક : પરચ/૧૦૨૦૦૫/૧૫૩૨/ક
(૨)સા.વ.વિ.નો તા.૧૬/૧૦/૨૦૦૭ નો ઠરાવ ક્રમાંક :પરચ-૧૦-૨૦૦૫-૧૫૩૨-ક
(૩)સા.વ.વિ.નો તા.૧૯/૧/૨૦૧૨ નો પરિપત્ર ક્રમાંક : પરચ-૧૦-૨૦૦૫-૧૫૩૨-ક
(૪)સા.વ.વિ.નો તા.૧/૦૩/૨૦૧૪ નો ઠરાવ ક્રમાંક:પરચ-૧૦૨૦૦૫-૧૫૩૨-પાર્ટ-૩-ક

ઠરાવ:

સામાન્ય વહીવટ વિભાગના તા.૩૦/૯/૨૦૦૬ ના ઠરાવથી કમ્પ્યુટર કૌશલ્યની CCC/CCC+ તાલીમ અને પરીક્ષાની કામગીરી માટે સરદાર પટેલ રાજ્ય વહીવટ સંસ્થા, અમદાવાદ તથા ગુજરાત કાઉન્સિલ ઓફ વોકેશનલ ટ્રેનિંગ, ગાંધીનગર (GCVT) હસ્તકના આઇ.ટી.આઇ. કેંદ્રોને માન્ય ગણવામાં આવેલ હતા. ત્યારબાદ સમયાંતરે કમ્પ્યુટર કૌશલ્યની CCC/CCC+પરીક્ષા અને તાલીમનો વ્યાપ વધારવા અંગેના હુકમો કરવામાં આવેલ હતા. વંચાણે લીધેલ ક્રમ (૪) ઉપરના ઠરાવથી કમ્પ્યુટર કૌશલ્યની CCC/CCC+ની પરીક્ષા માટે ગુજરાત ટેકનિકલ પરીક્ષા બોર્ડને પણ પરીક્ષા સંસ્થા તરીકે માન્યતા આપવામાં આવેલ છે. વંચાણે લીધેલ ક્રમ (૨) ઉપરના ઠરાવથી કમ્પ્યુટર કૌશલ્યની CCC ની તાલીમ આપવા માટે વિભાગ હેઠળના સરકારી તાલીમ કેન્દ્ર તરીકે ગુજરાત પોલીસ કરાઇ અકાદમી કરાઇને માન્યતા આપવામાં આવેલ છે.

૨. ગૃહ વિભાગ દ્વારા છેલ્લા કેટલાક વર્ષોમાં ખૂબ જ મોટી સંખ્યામાં કર્મચારીઓની ભરતી કરવામાં આવેલ છે. આ કર્મચારીઓને કમ્પ્યુટર કૌશલ્યની CCC ની તાલીમ વધુ ઝડપથી આપી શકાય અને સમયસર પરીક્ષાનું આયોજન કરી શકાય તે હેતુથી ગુજરાત પોલીસ અકાદમી, કરાઇ, અમદાવાદને કમ્પ્યુટર કૌશલ્યની CCC અને CCC+ના, ગૃહ વિભાગ હેઠળના સરકારી પરીક્ષા કેન્દ્ર તરીકે અને પોલીસ તાલીમ શાળા વડોદરાને ગૃહ વિભાગ હેઠળના સરકારી તાલીમ કેન્દ્ર તરીકે માન્યતા આપવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

૩. ઉપર જણાવેલ વિગતે ગૃહ વિભાગના અધિકારીઓ અને કર્મચારીઓ સમયસર કમ્પ્યુટર કૌશલ્યની CCC/CCC+ ની તાલીમ લઇ, પરીક્ષા પાસ કરી શકે અને વહીવટી પ્રશ્નો ઉપસ્થિત ન થાય તે માટે થઇને કાળજીભરી વિચારણા બાદ ગૃહ વિભાગ હેઠળના સરકારી તાલીમ કેન્દ્ર, **ગુજરાત પોલીસ અકાદમી, કરાઇને કમ્પ્યુટર કૌશલ્યની CCC/CCC+ પરીક્ષા પસાર કરવા માટે ગૃહ વિભાગ હેઠળના સરકારી પરીક્ષા કેન્દ્ર તરીકે અને પોલીસ તાલીમ શાળા, વડોદરાને કમ્પ્યુટર કૌશલ્યની CCC/CCC+ની તાલીમ આપવા માટે ગૃહ વિભાગ હેઠળના સરકારી તાલીમ કેન્દ્ર તરીકે** નીચેની શરતોને આધીન માન્યતા આપવાનું સરકાર ઠરાવે છે:-

(૧) ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી/ સરદાર પટેલ રાજ્ય વહીવટ સંસ્થા(સ્પીપા), અમદાવાદ દ્વારા જે અધિકારીના નામનું સૂચન કરવામાં આવે તેમના નિરીક્ષણ અને સુપરવિઝન હેઠળ કમ્પ્યુટર કૌશલ્યની CCC/CCC+ ની પરીક્ષાનું આયોજન કરવાનું રહેશે.

(૨) ગુજરાત પોલીસ અકાદમી, કરાઇ, અમદાવાદે સંબંધિત કમ્પ્યુટર કૌશલ્યની CCC/CCC+ની પરીક્ષા માટે સ્પીપા/ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટીની જેમ સોફ્ટવેર વિકસાવવાનું રહેશે.

(૩) આ પરીક્ષાના સંચાલન માટે સ્પીપા/ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટીના માનવ સંસાધનોની સેવાઓ ઉપલબ્ધ કરાવવામાં આવે તો તેઓને મળવાપાત્ર ભથ્થાઓની ચુકવણી કરવાની રહેશે.

www.rijadeja.com

(૪) કમ્પ્યુટર કૌશલ્ય અંગેની CCC/CCC+ પરીક્ષા સંદર્ભે નિયત કરાયેલ તાલીમ ફી નું ધોરણ અને શરતો સામાન્ય વહીવટ વિભાગના તા.૩૦/૯/૨૦૦૬ ના ઠરાવ મુજબ રહેશે તેમજ પરીક્ષા ફી સામાન્ય વહીવટ વિભાગના તા.૨૬/૧૧/૨૦૧૩ ઠરાવ મુજબ રહેશે.

સામાન્ય વહીવટ વિભાગના તા.૩૦/૯/૨૦૦૬ ના ઠરાવની અન્ય શરતો યથાવત રહેશે. વધુમાં, સરકારશ્રીના આ સંદર્ભે થયેલ વખતો વખતના હુકમોથી પ્રસિધ્ધ કરાયેલ અન્ય સૂચનાઓ લાગું પડશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(કે. કે.પટેલ)
ઉપસચિવ
સામાન્ય વહીવટ વિભાગ
સરકારના ઉપસચિવ

પ્રતિ,

માન. રાજયપાલશ્રીના અગ્રસચિવશ્રી
માન. મુખ્યમંત્રીશ્રીના અગ્રસચિવશ્રી
માન. મંત્રીશ્રી/રા.ક.મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ
માન. વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી
મુખ્ય સચિવશ્રીના નાયબ સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
અધિક મુખ્ય સચિવશ્રીના રહસ્ય સચિવશ્રી, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂ

- સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, અમદાવાદ
- સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર
- સચિવશ્રી, ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ, ગાંધીનગર
- સચિવશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રિબ્યુનલ, ગાંધીનગર
- રજીસ્ટારશ્રી, ગુજરાત હાઇકોર્ટ, અમદાવાદ

એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત રાજય, અમદાવાદ
એડિશનલ એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત રાજય, અમદાવાદ/ગાંધીનગર
પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર

www.rijadeja.com

રેસિડન્ટ ઓડિટ ઓફીસરશ્રી, અમદાવાદ/ગાંધીનગર

ડાયરેકટર જનરલશ્રી, સરદાર પટેલ લોકપ્રશાસન સંસ્થા, અમદાવાદ-૧૫

નિયામકશ્રી, રોજગાર અને તાલીમ/ગુજરાત કાઉન્સિલ ઓફ વોકેશનલ ટ્રેનિંગ, ગાંધીનગર

રજીસ્ટ્રારશ્રી, ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી, વિશ્વકર્મા સરકારી ઇજનેરી કોલેજ કેમ્પસ, ચાંદખેડા, અમદાવાદ.

સંયુક્ત નિયામક અને પોલીસ મહાનિરીક્ષકશ્રી, ગુજરાત પોલીસ અકાદમી, કરાઇ, અમદાવાદ

આચાર્યશ્રી, પોલીસ તાલીમ શાળા, વડોદરા.

માહિતી નિયામકશ્રી, ગાંધીનગર - જાહેર પ્રસિધ્ધિ અર્થે

સિલેકટ ફાઇલ.

➢ પત્ર દ્વારા

www.rijadeja.com